**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૩/૩/૨૦૧૭ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-**

**સમાચાર યાદી નં.૪૪૦/૧૭**

**ઓઢવ પોલીસ સ્ટેશન:**

**મિલ્કત સબંધી આરોપીને પકડવા બાબત ઓઢવ પોલીસ સ્ટેશન**

ઉપરી અધિકારીશ્રીઓની સુચના મુજબ મિલ્કત સબંધી આરોપીઓ સબંધે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નીચે મુજબની સારી કામગીરી કરવામાં આવેલ છે

ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન ૫૫/૧૭ ઈ.પી.કો કલ્મ ૩૭૯ તથા ફ.ગુ.ર.ન ૫૮/૧૭ ઈ.પી.કો કલ્મ ૩૭૯ મુજબના કામમાં સર્વેલન્સ સ્કોડના હેકો અમરસિંહ રેવાભાઇ બનં.૩૯૪૧ તથા સ્કોડના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ઉપરોકત ગુનામા નહિ પકડયેલ આરોપી ભરતકુમાર સ/ઓ બાબુજી છોગાજી રાવણા રાજપુત ઉવ.૧૯ ધંધો.નોકરી.રહે.શેડ નં.૭૩ અભિષેક એસ્ટેટ શબરી હોટલની પાછળ ઓઢવ રીંગ રોડ ઓઢવ અમદાવાદ મુળ વતન ગામ.ચોરા તા.સાંચોર જિ.ઝાલોર રાજસ્થાન નાનો મળી આવતા સદરી ગુનામા તારીખ ૦૧/૦૩/૨૦૧૭ ના કલાક ૨૦/૦૦ વાગે પકડી અટક કરવામા આવેલ અને આરોપીની પુછપરછ દરમ્યાન ઓઢવ પો.સ્ટે ફ.ગુ.ર.ન ૬૪/૧૭ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબના કામમા ચોરીમા ગયેલ બજાજ પ્લેટીના મો.સા નંબર જીજે-૦૧-જએસ-૯૭૫૭ જેનો એંજીન નંબર ૬૦૧૯૮ તથા ચેચીસ નંબર ૦૦૯૨૦ કી.રૂ ૨૦૦૦૦/- ગણાય તે ચોરી કરેલ હોવાની કબુલાત કરતા ઓઢવ પો.સ્ટે ફ.ગુ.ર નંબર ૬૪/૧૭ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબના ગુનામાં ચોરીમા ગયેલ મો.સા કબ્જે કરી આરોપી મુદામાલ રીક્વર કરી મિલકત સબંધી ગુનો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે તારીખ ૦૨/૦૩/૨૦૧૬

શોધાયેલ ગુના

ફ.ગુ.ર.ન ૫૫/૧૭ ઈ.પી.કો કલ્મ ૩૭૯

ફ.ગુ.ર.ન ૫૮/૧૭ ઈ.પી.કો કલ્મ ૩૭૯

ફ.ગુ.ર.ન ૬૪/૧૭ ઈ.પી.કો કલમ ૩૭૯



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વેજલપુર પોલીસ સ્ટેશન:**

પ્રેસ નોટ સને ૨૦૦૯ થી વાહન ચોરીના ગુન્હામાં નાસ્તો ફરતો વોન્ટેડ આરોપી પકડી પાડતી વેજલપુર પોલીસ

આજરોજ નાયબ પોલીસ કમીશ્નર ઝોન ૭ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી એમ વિભાગ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેકટર સા શ્રી એ વી પટેલ સા ના માર્ગદર્શન હેઠળ નાસ્તા ફરતા/પેરોલ ફર્લો આરોપી પકડવા અંગે સુચના આપતા મસઇ લાલજીભાઇ ભીખુભાઇ બનં ૬૪૧૪ તથા સાથેના પો કોન્સ સીરાજુદીન યુનુસભાઇ બનં ૪૦૮૫ તથા પો કોન્સ મહેન્દ્રસિંહ પ્રતાપસિંહ બનં ૪૩૩૬ તથા પો કોન્સ સહેદેવસિંહ ગજેન્દ્રસિંહ બનં ૧૦૦૩૭ તથા લોકરક્ષક સુરેશભાઇ લાલજીભાઇ બનં ૨૯૧૦ તથા લોકરક્ષક આલીંગભાઇ બાબાભાઇ બનં ૨૫૯૦ તથા લોકરક્ષક પાર્વતસિંહ માનસંગભાઇ બનં ૧૮૮૩ એ રીતેના સ્ટાફના માણસો સાથે પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક : ૨૧/૦૦ વાગે વેજલપુર સમશાન ગૃહ આગળ આવતા સાથેના મસઇ લાલજીભાઇ ભીખુભાઇ બનં ૬૪૧૪ નાઓને બાતમી હકિકત આધારે નાસ્તો ફરતો આરોપી નામે કેયુરભાઈ ચંદુભાઈ સોલંકી ઉ.વ.૨૭ રહે. મ.નં ૪૩૪ ભીમશેઠની પોળ હસનઅલી હાઈસ્કુલની સામે ધોળકા તા.ધોળકા જી.અમદાવાદ હાલ રહે. બ્લોક નં બી/૩૧૧ કેશરસીટી મોરૈયા ગામ તા.બાવળા જી.અમદાવાદ નાનો સને ૨૦૦૯ થી અત્રેના વેજલપુર પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૫૫૩/૨૦૦૯ ધી ઇ પી કો કલમ ૩૭૯,૫૧૧,૧૧૪ મુજબના કામે નાસ્તો ફરતો હોય જેને ઉપરોકત ગુન્હાન કામે આજરોજ તા ૦૨/૦૩/૧૭ ના કલાક-૨૨/૦૦ વાગે પકડી અટક કરી પ્રશનીય તથા ઉમદા કામગીરી કરેલ છે તા ૦૨।૦૩।૨૦૧૭

**એલીસબ્રીજ પોલીસ સ્ટેશન:**

તાજેતરમા મે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓએ નાસતા ફરતા આરોપીઓને શોધવા સારુ અમદાવાદ શહેરમા ડ્રાઇવ રાખેલ હોય જે અનુસંધાને અમોએ તથા સાથે પો.કો સબીર મહમદરફીક બ નં ૩૭૮૮ તથા પો.કો કિશોરભાઇ પ્રતાપભાઇ બ નં ૫૯૧૭ નાઓ સાથે એલીસબ્રીજ પો.સ્ટે ફ. ગુ.ર.નં ૧૦૩/૧૦ ઈ.પીકો કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ મુજબના કામે નાસતો ફરતો આરોપી વિપેન્દ્ર ઉર્ફે વિપીન વિજયભાઇ વૈધ ઉ.વ ૩૧ રહે ભામટીપુરા નવા શની મંદીર ની પાસે વર્ધા તા.જી વર્ધા મહારાષ્ટ્ર નાને ઉપરોક્ત ગુનાના કામે આજરોજ તા. ૦૨/૦૩/૨૦૧૭ ના કલાક ૧૬/૪૫ પકડીને અટક કરી કાર્યદેસર ની કાર્યવાહી કરવામા આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## <u>કૃષ્ણનગર  પોલીસ સ્ટેશન:</u>

અમોને ઉપરી અધિકારીશ્રીઓ તરફ થી મીલકત સંબધી ગુનાઓ શોધી કાઢવા મળેલ સુચના આધારે અમો પો.સ.ઇ એ.એસ.અસારી તથા સર્વે સ્કોડના પોલીસ સ્ટાફના માણસો સાથે જરૂરી માર્ગદર્શન આધારે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં-૩૯/૨૦૧૭ ઇપીકો કલમ ૪૫૪.૩૮૦ મુજબની ફરીયાદ મા જણાવેલ ફરીયાદીશ્રી ની નીલકંઠ પાસપોર્ટ વિઝા કંસલ્ટંસી,નીલકંઠ હરિકૃષ્ણા દુકાનનં ૨૮,શીવાજી ચોક,કૃષ્ણનગર ની ઓફીસ ના શટર નુ લોક તા ૧૧/૨/૨૦૧૭ ના કલાક ૭/૩૦ વાગે મોસા નં જીજે ૨૭ જે ૨૫૯૭ ની ઉપર આવેલા ૨૦ થી ૨૫ વર્ષના ત્રણ અજાણ્યા ઇસમોએ દુકાનના શટર નુ લોક તોડી,ઓફીસ ની અંદર કાચના પાર્ટીશન નાદરવાજાનુ લોક તોડી કાઉંટર ના ડોઅરમા મુકેલા રૂ ૨૩.૫૮૦/ ની ચોરી કરેલ,જે કામે અમોને બાતમી આધારે મોસા નં જીજે ૨૭ જે ૨૫૯૭ ના માલીકની હાર્દીક સ/ઓ જયંતીભાઇ છગનભાઇ જાતે મોરી,ઉવ ૨૧.ધંધો મજુરી રહે મન એ/૭૫,મારુતી સોસાયટી,સુરેલીયા સર્કલ.રબારી કોલોની ચાર રસ્તા પાસે.રામોલ.અમદાવાદ નાનો ઠક્કરનગર ચાર રસ્તા પાસે તા-૧/૨/૨૦૧૭ નાં કલાક: ૨૨/૩૦ વાગે આ ગુના મા વાપરેલ મોસા જીજે ૨૭ જે ૨૫૯૭ સાથે પકડાઇ ગયેલ અને તપાસ દરમ્યાન આરોપી પાસે થી સદર ગુનાના ચોરીના રોકડ રૂ ૨૩૫૮૦/ માથી રૂ ૭૫૦૦/ નો મુદામાલ રીકવર કરી ગુનો ડિટેક કરેલ અને સદરી આરોપી એ આ સિવાય બીજી કેટલી ચોરીઓ કરેલ છે.તેની પુછપરછ જારી રાખેલ છે.તા ૩/૩/૨૦૧૭

## <u>વેજલપુર પોલીસ સ્ટેશન:</u>

આજરોજ મે.પોલીસ કમિશ્નર શ્રી,અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૫,અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડીવીઝન અમદાવાદ શહેર તથા ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેકટર શ્રી પી.આઇ.સોલંકી નીકોલ પોલીસ સ્ટેશન નાઓની સુચનાથી પ્રોહી.ના કેશો શોધવા તજવીજમાં હતા દરમ્યાન દરમ્યાન પોલીસ કંટ્રોલરૂમ અમદાવાદ શહેર નાઓ તરફ થી મેસેજ મળેલ કે "સરદાર પટેલ રીંગ રોડ ઉદય ઓટોલીંક મારૂતી શો રૂમ સામે રોડ ઉપર એક સફેદ કલરની સ્વીફટ કાર નં. આરજે.૨૭.સીએફ.૧૬૩૦(RJ-27-CF-1630)ની રીક્ષાવાળા સાથે અકસ્માત કરી ભાગેલ છે અને તેમાં દારૂની બોટલ છે".જે મેસેજ આધારે નીકોલ વન ગાડી તથા પો.સ.ઇ.એન.એન.ચાવડા તથા સ્ટાફના માણસો સાથે ઉદય ઓટોલીંક સામે જઇ તપાસ કરતા ત્યાં ઉપરોકત નંબરની કાર અકસ્માત થયેલ હાલતમાં મળી આવેલ અને તેનો ચાલક નાસી ગયેલો જણાયેલ જે કારમાં તપાસ કરતા તેમાંથી ઇગ્લીશ દારૂની <u>રોયલ સ્ટેગ માર્કાની બોટલ નંગ-૪૩૨ કીંમત રૂપિયા ૨,૧૬,૦૦૦/-ની મળી આવતા તથા સ્વીફટ કાર કીંમત રૂપિયા ૬,૦૦,૦૦૦/- ની મળી આવતા દારૂનો જથ્થો તથા કાર મળી કુલ્લે કીંમત રૂપિયા ૮,૧૬,૦૦૦/-ની નો મુદ્દામાલ કબજે લઇ ધોરણસર કાર્યવાહી કરેલ છે.</u>

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)